## અમદાવાદ શહેરના પમાં અધિક મુખ્ય જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, કોર્ટ નં.૧૯, અમદાવાદ.

ફોજદારી કેસ નં.પર૧૯૭/૨૦૨૪

**આંક–૧૨**

શ્રી સરકાર
(ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૨૮/૨૦૧૫) .....ફરિયાદી

**વિરૂધ્ધ**

(૧) જયેશભાઈ કનુભાઈ પટેલ,
(૨) નિરવકુમાર સુરેશભાઈ પટેલ,
(૩) હિરેન કનુભાઈ પટેલ,
(૪) કનુભાઈ નાથાભાઈ પટેલ,
(૫) કીરીટભાઈ કિન્નલાલ દવે,
(આરોપી નં.૫ ની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.) ....આરોપીઓ

**ગુન્હો : ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ– ૩૫૪, ૩૨૩, ૪૨૭ મુજબ**

### –:: કમીટલ હુકમ ::–

(૧) ફરિયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૨૮/૨૦૧૫, ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૫૪, ૩૨૩, ૪૨૭ મુજબના ગુન્હાનું ચાર્જશીટ તપાસના અંતે અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી કરી આરોપીઓનો જવાબ નોંધવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓને તહોમતનામું ફરમાવવાના તબક્કે હાલનો કેસ પેન્ડીંગ રહેલ છે.

(૩) આ કોર્ટનું રેકર્ડ ધ્યાને લેતાં આ કેસનો ક્રોસ કેસ કે જેનો ફોજદારી કેસ નં.૧૯૦૦૭૯૧/૨૦૧૫ હતો અને તેને નામદાર સેશન્સ અદાલત તરફ કમીટ કરવાનો હુકમ તા.૦૬.૦૪.૨૦૧૭ ના રોજ કરેલ હતો અને તે કેસ નામદાર સેશન્સ અદાલત તરફ કમીટ કરવામાં આવેલ છે અને સેશન્સ કેસ નં.૧૮૧/૧૭ છે. આમ, કમીટ કરવામાં આવેલ ફોજદારી કેસ નં.૧૯૦૦૭૯૧/૨૦૧૫ નો ઉદ્‌ભવ જે બનાવની હકિકતોથી થયેલ છે તે જ હકિકતોની સાથે હાલના કેસની હકિકતો સંકળાયેલ છે અને હાલનો કેસ પણ નામદાર સેશન્સ કોર્ટ તરફ ઈન્સાફી કાર્યવાહી માટે કમીટ કરવો ન્યાયોચિત અને સમુચિત જણાય છે.

(૪) આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે આ પ્રકારના કેસોમાં કરવાની થતી કાર્યવાહી અંગે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેવો આવશ્યક છે. નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કે જે **સુધીર અને અન્ય વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ [જે.ટી. ૨૦૦૧ (૨) એસ.સી. ૨૭૪]** ના કેસમાં આપવામાં આવેલ છે તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જ્યારે એક જ બનાવમાંથી ઉદ્‌ભવતા બે ફોજદારી કેસો હોય અને તે પૈકી એક કેસ નામદાર સેશન્સ અદાલત દ્વારા ચલાવવા પાત્ર હોય તો બીજો કેસ પણ નામદાર સેશન્સ અદાલતને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૩૨૩ અન્વયે કમીટ કરવાનો રહે છે. આ કેસ માં આરોપીઓના જામીનદારે આંક-૩, ૫, ૭ અને ૯ થી પુરશીષ આપી જાહેર કરેલ છે કે તેઓ જામીન તરીકે ચાલુ રહેવા માંગે છે તેમજ આરોપીએ આંક-૨, ૪, ૬ અને ૮ વાળી પુરશીષ રજૂ કરી એવું જાહેર કરેલ છે કે તેઓએ પોતાના બચાવમાં પોતાના સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે.

(૫) ઉપરોક્ત અવલોકન મુજબ આ કામે આરોપીઓની સામે ભારતીય દંડસંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૨૩, ૩૫૪, ૪૨૭ મુજબના ગુન્હાનો આક્ષેપ છે અને તે ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા આ અદાલતને છે, પરંતુ, હાલનો કેસ, ફોજદારી કેસ નં.૧૯૦૦૭૯૧/૨૦૧૫ ની હકિકતોની સાથે સંબંધ ધરાવતો હોય અને આ કેસનો ઉદ્‌ભવ તે કેસની હકિકતોમાંથી થયેલ હોય અને ફોજદારી કેસ નં.૧૯૦૦૭૯૧/૨૦૧૫ નામદાર સેશન્સ કોર્ટ તરફ કમીટ કરવામાં આવેલ હોય અને તે કેસનો સેશન્સ કેસ નં.૧૮૧/૨૦૧૭ નો પડેલ હોય અને તે કેસ ન્યાયિક નિર્ણય માટે પડતર હોય, તે કેસની સાથે હાલનો કેસ પણ નામદાર

સેશન્સ અદાલત તરફ કમીટ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે અને એક જ પ્રકરણમાંથી ઉદ્‌ભવતા બન્ને કેસોનો ન્યાયિક નિર્ણય થશે અને બે જુદી જુદી અદાલતોના વિરોધાભાસી ચુકાદાઓ અગર તારણો નિવારી શકાશે તેવું મારૂ માનવું છે. આથી, ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૨૩ અન્વયે આ કેસ કમીટ કરવાનો થતો હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**–:: હુકમ ::–**

(ક) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૩ અન્વયે હાલનો કેસ આરોપી નં.૧–જયેશભાઈ કનુભાઈ પટેલ, આરોપી નં.૨–નિરવકુમાર સુરેશભાઈ પટેલ, આરોપી નં.૩– હિરેન કનુભાઈ પટેલ અને આરોપી નં.૪– કનુભાઈ નાથાભાઈ પટેલ નાઓને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ– ૩૫૪, ૩૨૩, ૪૨૭ મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે નામદાર સત્ર અદાલત, ભદ્ર, અમદાવાદ તરફ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(ખ) આ કેસ નામદાર સત્ર અદાલત તરફ કમીટ કર્યાની જાણ પબ્લીક પ્રોસીકયુટરશ્રીને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ગ) સદરહુ કામનું રેકર્ડ નામદાર સત્ર અદાલત, ભદ્ર, અમદાવાદ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(ઘ) આરોપીઓએ જામીન મુકત હોય તેઓએ મુદ્દત તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ કલાક–૧૧:૦૦ વાગ્યે નામદાર સત્ર અદાલત, ભદ્ર,અમદાવાદ ખાતે હાજર રહેવું.

આ હુકમ આજ તારીખ–૦૧લી માહે–ઓકટોબર સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૧/૧૦/૨૦૨૪

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
પમાં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર
(કોડ નં.જીજે ૦૦૮૮૬)